# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કિર્ગિસ્તાનમાં 26મા શાંઘાઈ સહયોગ સંગઠન સમિટમાં ઉપસ્થિત રહેશે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે.

3) ભારતીય નૌકાદળ આજે મુંબઈમાં નિસ્ટાર-ક્લાસના બીજા ડાઇવિંગ સપોર્ટ વેસલ નિપુનને સેવારત કરશે.

4) નેપાળ વિનાશક પુરથી જળ વિધ્યુત પરિયોજનાઓની સુરંગમાં ફસાયેલા લોકોને ઉગારવાનું કામ ઝડપી બનાવ્યું.

5) મહિલા ક્રિકેટમાં, થાઈલેન્ડને 94 રનથી હરાવીને T20 એશિયાકપ 2026ની વિજય સાથે ભારતની શરૂઆત.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM KYRGYZSTAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે કિર્ગિસ્તાનના બે દિવસના પ્રવાસે બિશ્કેક પહોંચ્યા હતા. શ્રી મોદી આજે કિર્ગિસ્તાનમાં 26મા શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) સમિટમાં હાજરી આપશે. પ્રધાનમંત્રી મોદી આવતીકાલે રાજ્યના વડાઓના સત્રમાં હાજરી આપશે.

શ્રી મોદી 26મા SCO સમિટ માટે રાષ્ટ્રપતિ સદિર ઝાપારોવના આમંત્રણ પર કિર્ગિસ્તાનની મુલાકાત લઈ રહ્યા છે. PM મોદી સમિટમાં ઘણા SCO નેતાઓને પણ મળે તેવી અપેક્ષા છે.

## વૉઇસ કાસ્ટ – વિકલ્પ શુક્લા

# PM UZBEKISTAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ઉઝબેકિસ્તાનના તાશ્કંદની બે દિવસીય રાજકીય મુલાકાત સફળ રીતે પૂર્ણ કરી, ત્યારબાદ રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવ સાથે દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે વાતચીત કરી હતી.

બંને નેતાઓ ભારત-ઉઝબેકિસ્તાન સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડવા સંમત થયા.

## બાઇટ - PM નરેન્દ્ર મોદી

બંને દેશો વચ્ચે અનેક કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. સાંભળીએ એક અહેવાલ.........

## વૉઇસ કાસ્ટ - સુશીલ તિવારી

# PRESIDENT DRAUPADI MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી (NIFT) ના સંયુક્ત દીક્ષાંત સમારોહ 2026માં ઉપસ્થિત રહેશે.

દેશભરના 18 NIFT કેમ્પસના સ્નાતક વિદ્યાર્થીઓ તેમની ડિગ્રી પ્રદાન કરવાની ઉજવણી કરવા અને તેમની શૈક્ષણિક યાત્રાનું સમાપન થશે. આ પ્રસંગે કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહ પણ હાજર રહેશે.

# SITHARAMAN-SOUTH CAROLINA

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણ દક્ષિણ કેરોલિનામાં પહોંચ્યા છે. તેઓ આજે અને આવતીકાલે એશેવિલેમાં G20 અને તેની સાથે સંલગ્ન બેઠકોમાં ભાગ લેશે. અગાઉ, શ્રીમતી સીતારમણે શિકાગો સ્થિત ભારતીય ડાયસ્પોરાને ભારતના કોન્સ્યુલેટ જનરલના કાર્યાલયમાં સંબોધિત કર્યા હતા.

શિકાગોમાં ભારતીય ડાયસ્પોરાને સંબોધતા, નાણામંત્રીએ દેશના આર્થિક લક્ષ્યોની રૂપરેખા આપતા સરકારી દેવા અંગેની ચિંતાઓને સંબોધિત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે તેના નાણાકીય એકત્રીકરણ રોડમેપનું પાલન કર્યું છે અને 2025-26 સમયગાળા માટે નિર્ધારિત તેના નાણાકીય ખાધ લક્ષ્યોને સફળતાપૂર્વક પ્રાપ્ત કર્યા છે.

વિદેશી વેપાર વ્યૂહરચનાન અંગે જણાવતા સીતારમણે સમજાવ્યું કે, બહુપક્ષીય વેપાર માળખાની ધીમી ગતિને કારણે ભારત યુરોપિયન યુનિયન, ઓસ્ટ્રેલિયા, યુએઈ અને EFTA રાષ્ટ્રો જેવા ભાગીદારો સાથે સીધા દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંધિઓને આગળ ધપાવશે છે. તેમણે કૃષિ, સંરક્ષણ ટેકનોલોજી અને આતિથ્ય ક્ષેત્રોના અગ્રણી અમેરિકન ઉદ્યોગપતિઓ સાથે શ્રેણીબદ્ધ ઉચ્ચ-સ્તરીય બેઠકો પણ યોજી હતી.

# JYOTIRADITYA SCINDIA

કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા આજથી 2 સપ્ટેમ્બર સુધી મધ્યપ્રદેશના શિવપુરી જિલ્લાની મુલાકાત લેશે. તેમના ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન, તેઓ શિવપુરી, કોલારસ અને પિછોરમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

# DSV

ભારતીય નૌકાદળ આજે મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે નિસ્ટાર-ક્લાસના બીજા ડાઇવિંગ સપોર્ટ વેસલ (DSV) નિપુનને સેવારત કરશે. નિપુનએ ભારતીય નૌકાદળમાં દરિયાઈ સુરક્ષા વિશિષ્ટ ડાઇવિંગ અને પાણીની અંદર મિશન હાથ ધરવાની ક્ષમતા વધુ મજબૂત કરશે.

સાંભળીએ એક અહેવાલ........

## VOICE CAST: PRATHNA

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# NEPAL FLOOD

નેપાળમાં આવેલા વિનાશક પુરથી ત્રિશૂળી- 3 સહિત જળ વિધ્યુત પરિયોજનાઓની સુરંગમાં 2500થી વધુ ફસાયેલા લોકોને ઉગારવાનું કામ ઝડપી બનાવ્યું છે. ભારત અને ચાઈના બચાવ દળ દ્વારા સુરંગમાં ફસાયેલા લોકો સાથે સંપર્ક સાધવાના પ્રયાસ ચાલી રહ્યા છે હજી સુધી સુરંગ માંથી કોઈ પ્રતિઉત્તર નથી આવ્યો.

સાંભળીયે એક અહેવાલ.......

## VOICE CAST: KRISHNA KANT

# US-IRAN-HORMUZ

અમેરિકાએ ગઈકાલે રાત્રે હોર્મુઝ સ્ટ્રેટમાં લારાક ટાપુ પર ઈરાની સૈન્ય સ્થળો પર હુમલો કર્યો.

અમેરિકન દળોએ જણાવ્યું હતું કે, ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના સૈનિકો હોર્મુઝ સ્ટ્રેટમાં રોકેટ મારો કરવાની તૈયારી કરતા જોવા મળ્યા બાદ તેમણે લારાક ટાપુ પર બે ઈરાની લોન્ચર્સને નિશાન બનાવ્યા હતા. ઈરાની રાજ્ય પ્રસારણકર્તા IRIB એ અહેવાલ આપ્યો છે કે આ હુમલામાં ઘણા ઈરાની કર્મચારીઓ અને નાગરિકો માર્યા ગયા અને ઘાયલ થયા.

# CID ARRESTS-JSSC CGL EXAM

ઝારખંડ પોલીસના ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટે ઝારખંડ સ્ટાફ સિલેક્શન કમિશન કમ્બાઇન્ડ ગ્રેજ્યુએટ લેવલ (JSSC CGL) પરીક્ષામાં ગેરરીતિના કથિત કેસમાં એક વ્યક્તિની અટકાયત કરી છે.

CID અનુસાર, અટકાયત કરાયેલ આરોપીની ઓળખ સમીર કુમાર તરીકે થઈ છે. રાંચી પોલીસે 24 ઓગસ્ટના રોજ શુક્રવારે મુખ્યમંત્રીના પુતળા દહન માર્ચ દરમિયાન થયેલી હિંસક અથડામણ અને હંગામાના સંદર્ભમાં ત્રણ અલગ અલગ FIR નોંધ્યા બાદ આ ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ફરિયાદોમાં કુલ 14 વ્યક્તિઓના નામનો ઉલ્લેખ કરાયો છે, જ્યારે ત્રણ કેસોમાં 200થી વધુ અજાણ્યા વ્યક્તિઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે.

ઝારખંડ હાઇકોર્ટે 11મા અને 13મા ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષાઓ અને નિમણૂકો રદ કરવાના રાજ્ય સરકારના આદેશ પર સ્ટે મુક્યો છે.

# WOMENS CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારતે દુબઈમાં થાઈલેન્ડને 94 રનથી હરાવીને T20 એશિયા કપ 2026ની જીત સાથે શરૂઆત કરી છે.

અગાઉ, થાઈલેન્ડ મહિલા ટીમે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા, ભારતે નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને 159 રન બનાવ્યા. સ્મૃતિ મંધાના 19 રન બનાવીને રન આઉટ થયા બાદ શેફાલી વર્માએ 64 રન બનાવ્યા હતા. ભારતની શેફાલી વર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

આ વિજય ટુર્નામેન્ટમાં પાકિસ્તાન સામેની મેચ પહેલા ભારતની મજબૂત સ્થિતિમાં છે. આજે, બાંગ્લાદેશ દુબઈમાં ગ્રુપ B મેચમાં ઇન્ડોનેશિયા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે.

# ICC SRI LANKA

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે શ્રીલંકા ક્રિકેટમાં સરકારની દખલગીરી બદલ વર્ષ 2027માં શ્રીલંકા યોજાનારી પહેલી મહિલા ચેમ્પિયન ટ્રોફીની યજમાની પાછી ખેચી લીધી છે. એક રિપોર્ટ અનુસાર શ્રીલંકા સહિત 6 અન્ય ટીમ આ ટ્રોફીમાં રમવાની હતી. આઇસીસી આગામી સમયમાં એની બોર્ડ મિટિંગમાં ટુર્નામેન્ટનું સ્થળ નક્કી કરશે. શ્રીલંકાની યજમાની રદ થતાં શ્રીલંકન ટીમ માટે રમવા માટે મુશ્કેલી ઊભી થઈ છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોએ અલગ અલગ સમાચારોને પ્રાધાન્ય આપ્યું છે.
- સંદેશ અને નવગુજરાત સમય લખે કે, ઉઝબેકિસ્તાન સાથે 11 કરાર, 5 અબજ ડોલરના વેપારનો ટાર્ગેટ, ભારતને યુરેનિયમ, ઉઝબેકિસ્તાનને UPI મળ્યું.
- ગુજરાત સમાચાર લખે છે કે, હોર્મુઝમાંથી ઓઇલની આયાત પર 1.8 લાખ કરોડનો ખર્ચ વધ્યો, દેશમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવમાં વધારાની પ્રબળ આશંકા.
- દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે, ધુવારણમાં 2.21 લાખ કરોડના ખર્ચે દેશનું સૌથી મોટું ન્યુક્લિયર પાવર કોમ્પલેક્ષ બનશે.
- અને ફૂલછાબે લખ્યું છે કે, કાટમાળની જેમ નેપાળમાં મૃતદેહોનો ગંજ: મૃત્યુઆંક 734.